સે-૧૬ હોટલ મીડ-વેના મીટર બોર્ડમાં આગ

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ ખાતે આવેલી હોટલ મીડ-વે ખાતે મીટર બોર્ડમાં આજે બપોરના અરસામાં અચાનક શોર્ટ સર્કીટથી આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે આ ઘટનામાં કોઈને જાનહાની કે ઈજા થવા પામી નથી તે ઉપરાંત કોઈ મોટી માલહાની પણ થવા પામી નથી.

સે. ૪/એમાં શનિ મંદિર નજીક ગેરકાયદેસર ડમ્પીંગ યાર્ડથી વસાહતીઓ પરેશાન

રહેણાંક વિસ્તારના ખુલ્લા પ્લોટમાં બેરોકટોક કોંક્રિટ વેસ્ટ અને સેનેટરી વેસ્ટ ઠલવાતા રોગચાળો ફેલાવાનો ભય : સત્વરે પગલાં લેવા રહીશોમાં માંગ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સે. ૪-એ માં શનિદેવ મંદિર અને કોળી પટેલ વાડી પાસેના રહેણાંક વિસ્તારમાં ખુલ્લા પ્લોટમાં ગેરકાયદેસર ડમ્પીંગ યાર્ડ જેવી પરિસ્થિતિ સર્જાતા આ વિસ્તારના રહીશોની હાલત કફોડી બનવા પામી છે. આ વિસ્તારમાં ચાલી રહેલા ખાનગી મકાનોના રિનોવેશન કાર્ય દરમ્યાન પેદા થયેલ કોંક્રિટ વેસ્ટ અને સેનેટરી વેસ્ટને કોન્ટ્રાક્ટરો દ્વારા બેરોકટોક આ ખુલ્લા પ્લોટમાં ઠાલવવામાં આવી રહ્યો છે જેને કારણે રહીશો માટે રોગચાળા ઉપરાંત અન્ય ઝેરી જીવજંતુ-સરીસૃપો વગેરેના ઉદ્‌ભવનો ખતરો પણ મંડરાઈ રહ્યો છે.

એક તરફ વડાપ્રધાન દ્વારા સ્વચ્છતા અભિયાનનો જોરશોરથી પ્રચાર કરાય છે ને બીજી તરફ ગુજરાતના પાટનગરના અનેક ઠેકાણે ગેરકાયદેસર ડમ્પીંગ યાર્ડસ સર્જાઈ રહ્યા હોવાથી દિવા તળે અંધારૂ જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. સેક્ટર-૪-એમાં શનિદેવના મંદિર તેમજ કોળી-પટેલ સમાજવાડી નજીકના રહેણાંક વિસ્તારના ખુલ્લા પ્લોટમાં આ પરિસ્થિતિએ નાગરિકો માટે હાલાકીનો માહોલ સર્જ્યો છે. આ ખુલ્લા પ્લોટમાં સેક્ટરમાં મકાન મરામત કરતા કડિયા તથા બની બેઠેલા કોન્ટ્રાક્ટરો દ્વારા મકાનના કોંક્રિટ વેસ્ટ તથા સેનેટરી વેસ્ટને બેરોકટોક ઠાલવવામાં આવી રહ્યો છે. આ વેસ્ટને કારણે બાંધકામના સળિયા, ટાઈલ્સના ટુકડા, આરસીસીના

ટુકડા, સિરામીક કાટમાળ વગેરેના ઢગ ખડકાયા છે. આ ગેરકાયદેસર ડમ્પીંગ યાર્ડ પરત્વે તંત્ર દ્વારા અગમ્ય કારણોસર આંખ આડા કાન કરાઈ રહ્યાં છે અને માથાભારે કોન્ટ્રાક્ટરો નાગરિકોના સ્વાસ્થ્યની પરવા કર્યા વગર રહેણાંક વિસ્તારમાં જ કાટમાળ ઠાલવી રહ્યાં છે જેને કોઈ કહેનાર કે રોકનાર જ નથી.

આ પ્રકારના કોંક્રિટ વેસ્ટ અને સેનેટરી વેસ્ટને કારણે વરસાદી પાણી જમીનમાં પણ ઉતરતુ અટકે છે અને વૃક્ષોને પાણી મળતુ નથી તેથી પર્યાવરણ સામે પણ ખતરો પેદા થવા પામી રહ્યુ છે. વળી, કાટમાળમાં ચોમાસા દરમ્યાન સરીસૃપો તથા પાણીના ભરાવાને કારણે રોગજન્ય જીવાણુઓ માખી-મચ્છર વગેરેની ઉત્પતિ થતા નાગરિકો માટે રોગચાળો ફેલાવાનો ભય પેદા થયો છે તેથી સત્વરે આ પ્લોટને ડમ્પીંગ યાર્ડ બનતો અટકાવી તમામ કાટમાળનો યોગ્ય નિકાલ કરાય તથા તે માટે જવાબદાર તત્વો સામે લાલ આંખ કરી પગલાં લેવાય જેથી ભવિસ્યમાં ફરી આ સમસ્યા ઉદ્‌ભવે નહી તેવી આ વિસ્તારના રહીશોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

સાદરા ખાતે વિશ્વ યોગ દિવસ યોજાયો

સાદરા, તા. ૨૨

શારીરિક શિક્ષણ અને રમત ગમત વિધાશાખા ગૂજરાત વિધાપીઠ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં મુખ્ય અતિથી તરીકે ગુજરાત રાજય રાષ્ટ્રીય સેવા યોજનાના ક્ષેત્રીય નિયામકશ્રી કમલ કુમાર કર સાહેબ હાજર હતા વિશેષ અતિથી તરીકે શ્રી રમેશભાઈ પટેલ સંયોજકશ્રી ગૌ - સંવર્ધન કેન્દ્ર, સાદરા પોતાની હાજરી આપી હતી અને સાથે સાથે ગૂજરાત વિધાપીઠ, અમદાવાદના રાષ્ટ્રીય સેવા યોજનાના સંયોજક શ્રી ડૉ. અરુણભાઈ ગાંધી અને શારીરિક શિક્ષણ અને રમત ગમત વિધાશાખાના ડીનશ્રી જમનાદાસ સાવલિયા હાજર હતા આ કાર્યક્રમ અંતર્ગત સાદરા ગામની આજુ બાજુના ગામ મોતીપુરા, રાજપુર, કલ્યાણપુર , ચેખલારની અને માધવગઢની પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓને શારીરિક શિક્ષણ અને રમત ગમત વિધાશાખા ગૂજરાત વિધાપીઠ , સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયમ સેવકો નિયમિત યોગની તાલીમ આપતા હતા અને આજ રોજ વિસ્વા યોગ દિવસની ઉજવણીમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

વિશ્વ યોગ દિવસ : નારદીપુર ગ્રામ સેવા મંદિરના પટાંગણમાં ભગીની વિદ્યાલય દ્વારા તાલુકા કક્ષાની યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. નારદીપુર ઉપરાંત આસપાસની શાળાના વિદ્યાર્થી અને શિક્ષકો મોટી સંખ્યામાં જોડાયા હતા. વિવિધ યોગના આસનો દ્વારા વિદ્યાર્થીઓને તન અને મનની તંદુરસ્તીના ફાયદાઓ જણાવાયા હતા.

સન્ડે સાયન્સ સ્કૂલમાં વિદ્યાર્થીઓ જાતે પ્રયોગ કરી વિજ્ઞાન શીખ્યા

ગાંધીનગર, તા. ૨૨

વિદ્યાર્થીઓમાં બાળપણથી જ વિજ્ઞાનમાં રસ અને રૂચી કેળવાય તથા તેમનામાં વૈજ્ઞાનિક વલણનો વિકાસ થાય તે હેતુથી ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર રવિવારે 'સન્ડે વિથ સાયન્સ સ્કૂલ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

સન્ડે સાયન્સ સ્કૂલમાં દર રવિવારે ગાંધીનગરની જુદી જુદી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના ધો. ૫ થી ૧૦માં અભ્યાસ કરતા વિજ્ઞાનમાં વિશેષ રૂચી ધરાવતા વિદ્યાર્થીઓ આવે છે. તેમના અભ્યાસક્રમમાં આવતા વિજ્ઞાનના પ્રયોગો જાતે કરે છે અને પ્રયોગો દ્વારા

વિજ્ઞાનને શીખે છે.

ઉપરાંત વર્ષ દરમિયાન વિવિધ સાયન્સ વર્કશોપ, સાયન્સ સેમિનાર, જુદા જુદા વિજ્ઞાન દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ, સાયન્સ એક્સપોઝર ટુર વગેરેમાં પણ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

વર્ષ દરમિયાન ગુજરાત સરકાર અને ભારત સરકાર દ્વારા યોજાતી વિવિધ સ્પર્ધાઓ જેવી કે નેશનલ સાયન્સ સેમિનાર, નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ, નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ, વેસ્ટર્ન ઈન્ડિયા સાયન્સ ફેર, સાયન્સ ક્વિઝ, ઈન્ટેલ સાયન્સ ફેર, વિજ્ઞાન મેળામાં પણ વિદ્યાર્થીઓ જોડાઈ શકે છે. નિસર્ગ સાયન્સ સેન્ટરની સન્ડે સાયન્સ સ્કૂલનો પ્રારંભ થઈ ચુક્યો છે. આ કાર્યક્રમમાં મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી રસ ધરાવતા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવવા જણાવવામાં આવ્યું છે.

ભારત સ્કાઉટ ગાઈડ દ્વારા સેવા શિબિર યોજાઈ

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ દ્વારા સેવા શિબિર તા. ૨૦ જુનના રોજ યોજાઈ હતી. જેમાં નગરની શાળાના ૪૩ સ્કાઉટર ગાઈડર સાથે ૪૨ સ્કાઉટ ગાઈડે શિબિરમાં ભાગ લીધો હતો. જેમાં તજજ્ઞો દ્વારા માહિતી અને પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું. આ શિબિરમાં બ્રાઈટ સ્કુલ, માઉન્ટ કાર્મેલ, આર.વી. ચૌધરી, મંગલ મંદીર, સંસ્કાર તીર્થ, ચૌધરી હાઈસ્કુલ, પ્રતાપસિંહજી વિદ્યાલય જમનાબાઈ નરસિંહ સ્કુલના મળી કુલ ૪૩ સ્કાઉટ ગાઈડ સાથે ૪૩ સ્કાઉટર ગાઈડર પણ હાજર રહ્યા હતાં.

મોટેરા ગામની સંજય ગાંધી વિદ્યાપીઠમાં પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૨

આજથી સમગ્ર રાજયમાં શહેરી કક્ષાના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના

ત્રિદિવસીય કાર્યક્રમનો આરંભ થયો છે. જે અંતર્ગત ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોરના હસ્તે મોટેરાની સંજય ગાંધી વિધાપીઠમાં ધોરણ-૮ના બાળકોની પ્રવેશ વિધી સંપન્ન કરાવી હતી.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, સમાજમાં સ્ત્રી-પુરૂષની સંખ્યામાં સમતોલ રહેશે, તો જ સુચારું સમાજ વ્યવસ્થા ચાલશે. આજે દેશમાં બેટી બચાવો... બેટી પઢાવો અભિયાન થકી સમાજમાં બેટી બચાવો અને દીકરીઓને શિક્ષણ આપવા અંગેની લોકજાગૃતિ આવી છે. ધોરણ-૧૦ અને ૧૨ના પરિણામ પરથી એવું લાગે છે કે દીકરીઓ ખૂબ જ રસપૂર્વક શિક્ષણ મેળવે છે. દીકરીઓ શિક્ષિત બનશે તો સમાજનો શું ફાયદો થશે તેની દૃષ્ટાંત પૂર્વક વાત કરી હતી.

આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી ધર્મેશભાઈ, સી.આર.સી રજનીકાન્તભાઈ અને તેમના પી.એસ શ્રી રમેશભાઈ પટેલ સહિત શિક્ષક ગણ, વાલીઓ અને બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં.

સઈજમાં ચાલતુ મસમોટુ જુગારધામ પકડાયુ

એલસીબીની ટીમે દરોડો પાડી ૩૦ શકુનીઓને દબોચી લીધા : ૩૩ મોબાઈલો, ૩ વાહનો અને રોકડ રૂ. ૧.૫૩ લાખ મળીને કુલ રૂ. ૬.૨૪ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૨૨

કલોલ તાલુકાના સઈજ ગામમાં ભોપા જુહા ઠાકોરના મકાનમાં જુગારનો અડ્ડો ધમધમતો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડી રોકડ રૂ. ૧.૩૬ લાખ તથા ત્રણ વાહનો અને ૩૩ મોબાઈલ મળી કુલ રૂ. ૬.૨૪ લાખના મુદ્દામાલ સાથે ૩૦ શકુનીઓને રંગેહાથ પકડી પાડ્યા હતા. એલસીબીએ જે અડ્ડા ઉપર દરોડો પાડ્યો તે કલોલ તાલુકા પોલીસની રહેમ નજર હેઠળ ચાલતો હોવાની શંકા છે. ગાંધીનગર એસપીએ કલોલ તાલુકા પી.આઈ. સામે ઈન્કવાયરીનો આદેશ જારી કર્યો છે.

ગાંધીનગર એસપી વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી જિલ્લામાં ચાલતી દારૂ-જુગારની બદીઓ દૂર કરવા ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમ સક્રીય છે. એલસીબી પીએસઆઈ કૃણાલ પટેલ અને એચ.કે. સોલંકી તેમની ટીમ સાથે કલોલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હે.કોન્સ્ટેબલ રણજીતસિંહને બાતમી મળી હતી કે સઈજ ગામમાં રહેતો ભોપા જુહા ઠાકોર નામનો શખ્સ પોતાના મકાનમાં માણસો ભેગા કરીને જુગાર રમાડી રહ્યો છે તેને આધારે ટીમે દરોડો પાડી ૩૦ જુગારીઓને રંગેહાથ પકડી પાડ્યા હતા. એલસીબીની ટીમે (૧) પ્રવિણભાઈ કનુભાઈ પ્રજાપતી રહે. હરીઓમ સોસા. બસ સ્ટેન્ડ પાસે, દહેગામ, તા. દહેગામ, જી. ગાંધીનગર, (૨) કનુભાઈ મફતભાઈ પ્રજાપતિ રહે. પોલીસ લાઈનની બાજુમાં પૃથ્વી, એપાર્ટમેન્ટની સામે, તા. કલોલ જી. ગાંધીનગર (૩) ચુનાજી વિસાજી ઠાકોર રહે. ગામ સઈજ ખાંટવાસ, પાણીની ટાંકી પાસે, તા. કલોલ, જી. ગાંધીનગર (૪) સુરેશભાઈ રણછોડદાસ પટેલ રહે. ઉદાજીની ચાલી, મહેન્દ્રમીલ રોડ, કલોલ, તા. કલોલ, જી. ગાંધીનગર (૫) અસરકભાઈ અમીરભાઈ સૈયદ રહે. સી. ૧૯ આયોજનનગર, તા. કલોલ, જી. ગાંધીનગર (૬) સંજયજી સેંધાજી ઠાકોર રહે. ખાંટવાસ, સઈજગામ, પાણીની ટાંકી પાસે તા. કલોલ, જી. ગાંધીનગર (૭) ધર્મેન્દ્રભાઈ બાબુભાઈ નાયક રહે.

રણજીબાપાનો વાસ, કોલવડા તા. જી. ગાંધીનગર (૮) ભુપતજી કાનાજી ઠાકોર રહે. સાણોદા ગામ વડવાડો વાસ, તા. દહેગામ, જી. ગાંધીનગર (૯) શંકરજી કાંતીજી ઠાકોર રહે. ગામ સઈજ નાનો પગી વાસ, તા. કલોલ, જી. ગાંધીનગર (૧૦) મહમદમીયા નનુમીયા સીંધી રહે. બીલમણા કસ્બામાં તા. દહેગામ, જી. ગાંધીનગર (૧૧) ચંદુજી ભલાજી ઠાકોર રહે. ગામ કુંડાલ ઠાકોરવાસ, તા. કડી, જી. મહેસાણા (૧૨) સંજયજી અરજણજી ઠાકોર રહે. ગામ સઈજ ખાંટવાસ, પાણીની ટાંકી પાસે, તા. કલોલ, જી. ગાંધીનગર (૧૩) ગોવિંદજી ખોડાડી ઠાકોર રહે. અંબિકાનગર સોસા. પલસાણા ગામ, તા. કલોલ, જી. ગાંધીનગર (૧૪) સલીમ રહિમભાઈ મલેક રહે. આંબલીવાળા કસ્બામાં મેડા આદરજની બાજુમાં તા. કડી, જી. મહેસાણા, (૧૫) ચંદુલાલ બાબુલાલ પટેલ રહે. મ.ન. ૪૫/૭ આઈડીસી કલોલ તા. કલોલ, જી. ગાંધીનગર (૧૬) સોમાજી પોપટજી ઠાકોર રહે. ઉંડો વાસ, ભોંયણગામ, તા. કલોલ, જી. ગાંધીનગર (૧૭) ગોવિંદજી ઈશ્વરજી ઠાકોર રહે. મોટી આદરજ પંચાયતના પાછળ તા. જી. ગાંધીનગર (૧૮) પોપટજી સોનાજી ઠાકોર રહે. સાણોદા માવજીવતનો વાસ, દહેગામ, જી. ગાંધીનગર (૧૯) રમણજી બાબુજી ઠાકોર રહે. સઈજ ગામ વાડીવાળો વાસ તા. કલોલ, જી. ગાંધીનગર (૨૦) ભરતભાઈ સેવંતીલાલ પરીખ રહે. પાલડી શાંતીવન સિવિનાથ બંગ્લો, બંગ્લા નં. ૪ અમદાવાદ (૨૧) રાજકુમાર નેણુમલ પંજવાણી રહે. કલોલ શહેર શ્રીનગર સોસા. મ.નં. ૮૦ તા. કલોલ, જી. ગાંધીનગર (૨૨) દિપકકુમાર ધીરજલાલ પટેલ રહે. ૨ ગુરૂકૃપા ફલેટ, શ્રીનગર તા. કલોલ જી. ગાંધીનગર (૨૩) મહેન્દ્રભાઈ ચંદુલાલ પટેલ રહે. રામજી મંદિર પાસે, નાની કડી તા. કડી, જી. મહેસાણા (૨૪) શૈલેષભાઈ ખોડીદાસ કાપડીયા રહે. વણકર વાસ, રાંચરડા તા. કલોલ જી. ગાંધીનગર (૨૫) કિરણજી ગોવિંદજી ઠાકોર રહે. નાનો ઠાકોર વાસ, ઘુમા તા. દસક્રોઈ, જી. અમદાવાદ (૨૬) નરેશજી ગોરધનજી ઠાકોર રહે. નાનો ઠાકોર વાસ, ઘુમા તા. દસક્રોઈ, જી. અમદાવાદ (૨૭) ઉત્તમકુમાર નટવરલાલ બારોટ રહે. બારોટવાસ, જીતપુરા તા. કલોલ, જી. ગાંધીનગર (૨૮) ભાવેશજી રમેશજી ઠાકોર રહે. ગામ સઈજ નાનો પગીવાસ, તા. કલોલ, જી. ગાંધીનગર (૨૯) રાહુલ લીલાજી ઠાકોર રહે. ગામ સઈજ નાનો પગીવાસ તા. કલોલ, જી. ગાંધીનગર (૩૦) ભોપાજી જુહાજી ઠાકોર રહે. સઈજ ગામ તા. કલોલ, જી. ગાંધીનગર મળીને ૩૦ શખ્સોને રૂ. ૧,૫૩,૨૬૦ રોકડ તથા ૩૩ મોબાઈલો અને એક્ટીવા, પેશન તથા અર્ટીગા કાર મળી ત્રણ વાહનો સહિત કુલ રૂ. ૬,૨૪,૭૬૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

કલોલ તાલુકા પીઆઈ સામે ઈન્કવાયરી સોંપાશે

કલોલ તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં સઈજ ખાતે મસમોટુ જુગારધામ ચાલતુ હતુ. આ જુગારધામ પોલીસની રહેમનજર હેઠળ ચાલવુ અશક્ય છે. એલસીબીની ટીમે દરોડો પાડી આ અડ્ડા પરથી ૩૦ શખ્સોને રૂ. ૬.૨૪ લાખના મુદ્દામાલ સાથે પકડ્યા. આ પ્રકરણમાં સ્થાનિક પી.આઈ. કે પોલીસ સ્ટેશનના સ્ટાફની મીલીભગત છે કે કેમ? તે અંગે તપાસ કરવામાં આવશે. ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવના જણાવ્યાનુસાર કલોલ તાલુકા પીઆઈ સામે ઈન્કવાયરી સોંપવામાં આવશે અને જો મીલીભગત જણાશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે.

કુન્દન દવે અનુવાદિત ગ્રંથ 'આસ્વાદ'ને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર

અનવર જલાલપુરી લિખિત 'ઉર્દૂ શાયરી મે ગીતા'ના અનુવાદિત પુસ્તકને અનુવાદ શ્રેણીમાં તૃતીય પુરસ્કાર માટે પસંદ કરાયુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના ૮૫ વર્ષીય નિવૃત્ત શિક્ષિકા કુન્દનબેન નવીનચંદ્ર દવે દ્વારા લખનૌના અનવર જલાલપુરી રચયિત 'ઉર્દૂ શાયરી મેં ગીતા' પુસ્તકના અનુવાદિત પુસ્તક 'આસ્વાદ'ને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત કરવામાં આવશે. 'આસ્વાદ' પુસ્તકને સાહિત્ય અકાદમી દ્વારા અનુવાદ શ્રેણીમાં તૃતીય પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યું છે.

ઉત્તરપ્રદેશના લખનૌના શાયર અનવર જલાલપુરી દ્વારા શ્રીમદ્ ભગવદ્‌ગીતાના ૭૬૧ શ્લોકોને ઉર્દૂની ૧૭૬૧ શાયરીમાં ઢાળવામાં આવી છે. વર્ષ ૨૦૦૮માં તેમણે 'ઉર્દૂ શાયરી મેં ગીતા' પુસ્તકમાં તેને સમાવી છે જેને ઉર્દૂ ભાષાના રસીકો દ્વારા ભારે ઉમળકાભેર્યો પ્રતિસાદ સાંપડ્યો હતો. મૂળ અંગ્રેજીના પ્રાધ્યાપક એવા અનવર જલાલપુરીને આ પુસ્તક તૈયાર કરતા ૬ વર્ષ લાગ્યાં હતા. આ પુસ્તકનું ગુજરાતીમાં

ભાવાનુવાદ ગાંધીનગરના નિવૃત્ત શિક્ષિકા કુન્દનબેન દવે દ્વારા કરવામાં આવ્યું છે.

કુન્દનબેન દવેએ લગલગાટ એક વર્ષની મહેનત દ્વારા આ અનુવાદ ગ્રંથ તૈયાર કર્યો હતો. જેમાં તેમણે અનવર જલાલપુરીને રૂબરૂ મળવાથી માંડીને ગુજરાતી ભાષાના તજજ્ઞોની મદદ લેવા સુધીની મહેનત કરી છે. આ અનુવાદગ્રંથ તૈયાર કરવા માટે ઉર્દૂ ભાષાની તલસ્પર્શી સમજ તથા મૂળ લેખકની કૃતિઓ અંગે માર્ગદર્શન દિલીપ મેવાડા દ્વારા પુરૂ પાડવામાં આવ્યુ હતુ. જ્યારે તેના ગુજરાતી અનુવાદમાં યોગ્ય ભાવ જણાવાયો છે કે કેમ તે સહિતની ભાષાકીય મદદ રશ્મિકાંત મહેતા દ્વારા પુરી પાડવામાં આવી હતી. પુસ્તકના સંપાદન માટે તેમને ડૉ. સંજય શાહ તથા પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદીનો સહયોગ સાંપડ્યો હતો. અંતે કુન્દનબેન દવે દ્વારા અનુવાદિત પુસ્તક 'આસ્વાદ'ને ગુજરાત સાહિત્ય અકાદમીના વર્ષ ૨૦૧૭ના અનુવાદ શ્રેણીમાં તૃતીય પુરસ્કાર માટે પસંદ કરાવામાં આવ્યું છે. નજીકના ભવિષ્યમાં અકાદમી દ્વારા પુરસ્કાર વિતરણ સમારોહ યોજાશે જેમાં તેમને આ પુરસ્કાર એનાયત કરાશે.

PMKVY
N·S·D·C National Skill Development Corporation
Skill India
"કડી સર્વ વિશ્વ વિદ્યાલય પ્રમાણિત"
Green-KSV Skill Development Center
ADMISSION NOTICE

Course (અભ્યાસ ક્રમ)	Eligibility (લઘુત્તમ લાયકાત)	Duration
Advance CNC Programmer Cum Operator	ITI / Diploma / Degree Engg. / Any Graduate	6 Week
Advance VMC Programmer Cum Operator		6 Week

Job work and consulting services would be available in the area of CNC/VMC programming, CAD/CAM (UG-NX), ANSYS and Vibration analysis
વધુ માહિતી માટે સંપર્ક કરો :- LDRP-ITR Campus, KSV, Sector-15, Gandhinagar.
Phone no: 079-23241492/95 Ex:200 - M : 9723487357, 9913888966
Fees : Rs.5000/-- (Tuition fees will be refunded as per CED norms)
● Well equipped centre with experience faculties ● Curriculum equivalent to NSQF standards
● Placement assistant would be provided